ગાંધીનગર સમાચાર

તા. ૯-૧૧-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### દિલ્હીમાં ગુજરાતી નેતાઓ અને અધિકારીઓની બોલબાલા


સરદાર પટેલે કે મોરારજી દેસાઇના સમયમાં પણ નહોતા એટલા ગુજરાતી અધિકારીઓ આજે દિલ્હીના તખ્તેતાઊસની આસપાસ ચાવીરૂપ સ્થાનો પર ગોઠવાઇ ગયા છે. નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં વિજયની હેટ્રિક લગાવ્યા પછી દિલ્હી કબજે કરી લીધું તેની સાથે જ વિશ્વાસુ સાથીદાર એવા વિચક્ષણ રાજપુરૂષ અમિત શાહને પહેલાં ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અને પછી સીધા જ રાષ્ટ્રીય અધ્યક્ષાપદે બેસાડી દીધા. અમિત શાહે એમની સંગઠન શક્તિનો પરચો પણ બતાવી દીધો. ઉત્તરપ્રદેશની જ તર્જ પર એમને મહારાષ્ટ્ર અને હરિયાણામાં મોદીરાજ સ્થાપીને એક ગુજરાતી વાણિયો શું કરી શકે એ બતાવી દીધું. હવે મોદીના એવા જ બીજા વિશ્વાસુ સાથી પરિન્દુ ભગત ઉર્ફે કાકુભાઇને દિલ્હી લઇ જઇ પાર્ટીના રાષ્ટ્રીય કોષાધ્યક્ષપદે નિયુક્ત કરવાની પેરવી ચાલી રહી છે. ગુજરાતમાં મુખ્ય સચિવ પડે શોભે એવા સનિષ્ઠ સનદી અધિકારી હસમુખ અઢિયાને કેન્દ્રીય નાણા સચિવ પદે નીમીને મોદીએ એમની કદર કરી છે અને ગુજરાત માટે નાણાં કોથળી ખુલ્લી મુકાય એવી શક્યાત સમજી છે. અત્યાર સુધી મોદી એમની સાથે 'કરિયાવર'માં લઇ ગયેલા સક્ષમ સનદી અધિકારીઓની નામાવલી નીરખવા જેવી છે : પી.કે.મિશ્રા, રાજીવ ટોપનો, એ.કે. શર્મા, ભરત લાલ, રાજેશ કિશોર, એચ.કે. દાસ, ગૌરીકુમાર, વિજયાલક્ષ્મી અને રાજીવ ટકરુ. બિનસનદી અધિકારીઓમાં મોદીનાં વિશ્વાસુ અધિકારીઓ સંજય ભાવસાર, હીરેન જોષી, તુષાર મહેતા અને માહિતી સચિવ જગદીશ ઠક્કરનો સમાવેશ થાય છે. એક ગુજરાતી નેતા જયારે દેશનો વડાપ્રધાન બને ત્યારે સ્વાભાવિક રીતે જ એને પોતાને વફાદાર અને અનુકૂળ અધિકારીઓ અને સાથીઓની જરૂર મહેસૂસ થાય. શ્રી નરેન્દ્ર મોદીએ આ મુદ્દેકોઇ પણ જાતનો ક્ષોભ અનુભવ્યા વગર એમની વફાદાર ટીમને કેન્દ્ર સરકાર ખાતે લોન સર્વિસ પર લઇ જઇ ધાર્યા નિશાન પાડવાની વ્યૂહરચના ઘઢી કાઢી છે. વર્ષોથી ખાઇ બદેલા કેન્દ્રના સનદી અધિકારીઓની જોહકુમી સામે ઝીંક ઝીલે એવા આ અધિકારીઓ વડાપ્રધાનના કાર્યક્રમોના અમલીકરણ અને લક્ષ્યાંકો માટે રાતપરોઢિયાં કરશે અને ગુજરાતને દોડતું કરી મુકેલું એમ બેસક પડી ગયેલાં કેન્દ્રને ગતિ આપશે. મોદીની આ સ્ટ્રેટજી ફકત અધિકારીઓ જ નહીં, નેતાઓમાં પણ ફડક પેસી ગઇ છે. ગુજરાતને વાઇબ્રન્ટ બનાવીને દેશનું સુકાન સંભાળતા પહોંચેલા ગુજરાતી નેતાને ગુજરાતી અધિકારીઓ અને ગુજરાતીઓ પર કેટલો ઊંડો વિશ્વાસ છે, તે પણ એમનાં આ ઐતિહાસિક નિર્ણયથી સિદ્ધ થાય છે.

# વડોદરામાં યોજાયેલ કરાટે ચેમ્પિયનશીપમાં સેંટ ઝેવિયર્સના વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ મેળવ્યો

ગાંધીનગર, તા.૮

નગરના સેકટર-૮માં આવેલી સેંટ ઝેવિયર્સ સ્કુલના વિદ્યાર્થીઓએ અવારનવાર અનેક રમતોમાં કાઠુ કાઢયું છે. વડોદરામાં યોજાયેલ ૧૨મી ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશીપમાં શાળાના વિદ્યાર્થીઓએ સાત મેડલ મેળવ્યા છે.

ગાંધીનગરના બાળકો હવે રમતોમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી રહ્યા છે. દેશમાં ગુજરાતી ભાઈ એટલે વેપારીભાઈની તેમ કહેવામાં આવી રહ્યા છે પરંતુ હવે આ લોક કહેવતને નગરના યુવાનો ખોટી પાડી રહ્યા છે. વડોદરા ગુજરાત રીફાઈનરી કોમ્યુનિટી હોલમાં ૧૨મી ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશીપ યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં પાટનગરની સેંટ ઝેવિયર્સ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં મીત પટેલ અને સુહાન પરમારે ગોલ્ડ મેડલ, પર્વશાહે સિલ્વર અને ઓમ કપૂર, શિવ પટેલ અથર્વ ત્રિવેદી અને દેવ પટેલે બ્રોન્ઝ મેડલ મેળવી પાટનગરની શાન વધારી છે. શાળાના વિદ્યાર્થીઓએ વડોદરામાં મેડલ મેળવતા પ્રન્સિપાલ ફાધર હેકટર, વાઈસ પ્રન્સિપાલ ફાધર નોયેલ, સિસ્ટર જોસફીન અને કોચ ગૌરાંગ રાણાએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે તેમજ ભવિષ્યમાં ઉંચી સિધ્ધિ મેળવે તેવા આશીર્વાદ આપ્યા છે.



## હરિની દૃષ્ટિ...




કોઇ બદસલુકી નહીં.., તમને હેલમેટ પહેરવાનાં સમજાવ્યું, પણ વધુમાં આ હેલમેટ તમને બીજી રીતે પણ બચાવી શકે તે બતાવવું હતું...!!

## સે-૩ વસાહત મંડળ સ્નેહમિલન યોજશે

સેકટર-૩ વસાહત મંડળ સ્નેહમિલન સમારોહ યોજશે. આગામી ૧૬ નવેમ્બર રવિવારે ૯.૩૦ વાગે સમારોહ યોજવામાં આવશે. સમારોહમાં ઉપસ્થિત રહેનાર સિનિયર સિટીજનોએ તા. ૧૪ નવેમ્બર સુધી સવારે ૯ થી ૧૧ અને સાંજે પથી ૬.૩૦ દરમિયાન ભોજન માટેના પાસ મેળવી લેવાના હેશે. સમારોહની સાથે સાથે સાંઈ કૃપા સેવા ટ્રસ્ટ દ્વારા વાંચનાલયનું ઉદઘાટન કરવામાં આવશે.

## આજે સંસ્કૃતિ પરિવારનો કાર્યક્રમ યોજાશે

વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર તરફથી આજે રવિવારે સાંજે ૫-૦૦ કલાકે સતસંગનો કાર્યક્રમ સે-૧૭ બ્લોક નં. ૨૩૧ 'ચ' ટાઈપ શ્રી યોગેશભાઈ દક્ષીણીને ત્યાં રાખેલ છે. સૌ ધાર્મિકજનોને પધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# દીર્ઘકાલીન વિકાસને લઈને પર્યાવરણનું રક્ષણ જરૂરી છે : કોહલી

ગાંધીનગર, તા.૮

ગુજરાતના રાજ્યપાલ ઓપી કોહલીએ અમદાવાદમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આજના આધુનિક સમયમાં દીર્ઘકાલીન વિકાસ માટે પર્યાવરણીય રક્ષણ અને સંવર્ધન કરવું ખૂબ જ આવશ્યક છે. પ્રકૃતિએ આપણને સર્વસ્વ આપ્યું છે. નૈસર્ગિક સંપદાનું રક્ષણ અને સંવર્ધન કરવા માટે લાંબાગાળાની પર્યાવરણીય સુરક્ષાની યોજનાની આવશ્યકતા છે. જળ-જમીન અને વાયુ પ્રદૂષિત ન થાય અને તેમનું જતન થાય તે માટે આપણી પરંપરાગત સ્વદેશી પધ્ધતિઓને પણ પ્રોત્સાહન આપવું જોઈએ.

જળ-વાયુના પ્રદુષણથી પર્યાવરણને નુકશાન થઈ રહ્યું છે તેનો ઉલ્લેખ કરી રાજ્યપાલએ જણાવ્યું હતું કે પર્યાવરણીય સમસ્યાઓથી ખેડૂતોને કૃષિ ઉત્પાદન ક્ષેત્ર ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જેના નિવારણ માટે ઉપાયો માટે આ બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદમાં દેશના નામાંકીત ન્યાયવિદો, તજજ્ઞો અને જનમતના ઘડવૈયાઓ વિચાર વિમર્શ કરશે. મને આશા છે કે આ પરિષદમાં થયેલ વિચાર મંથન આવશ્યક ફળદાયી નીવડશે. રાજ્યપાલ ઓપી કોહલીએ જણાવ્યું હતું કે આજે મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને નરસિંહ મહેતાના ગુજરાતની ભૂમિ પર કિસાન બંધુઓની સંવેદનાઓ સાથે જોડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જે અભિનંદનીય છે. મહાત્મા ગાંધી કહેતા હતા કે ભારત દેશ ગામડાઓમાં વસે છે અને તે ખેતીપ્રધાન છે. તેમણે જણાવ્યું હતું કે પ્રકૃતિ સાથે જોડાવાની અને તેને અત રાખવા માટે પર્યાવરણની ચિંતા કરવા આપણી ભારતીય સંસ્કૃતિમાં નિહિત છે. આધુનિક યુગમાં અવિવેકપૂર્ણ દોહન થઈ રહ્યું છે તેની સામે જાગૃતિ કેળવવાની તાતી જરૂરીયાત છે. મનુષ્યના સ્વાર્થ ખાતર પ્રકૃતિનું દોહન થાય છે તેનાથી પર્યાવરણીય અસમતુલતા સર્જાય છે. તેના પરિણામો આપણે જોઈ રહ્યા છીએ. રાજ્યપાલે આયોજકોને આ વિષય પર આંતરરાષ્ટ્રિય પરિષદ યોજવા માટે અભિનંદન આપ્યા હતા.



## ગ્લોબલ વોર્મિંગની અસર અનુભવાઈ રહી છે : દત્તુ

ભારતના સર્વોચ્ચ ન્યાયલયના મુખ્ય ન્યાયમૂર્તિ એમએલ દત્તુએ જણાવ્યું હતું કે ગ્લોબલ વોર્મિંગની ઘણી અસર વિશ્વભરમાં અનુભવાઈ રહી છે, જેના લીધે વિશ્વ પર્યાવરણીય સંબંધિત ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે પર્યાવરણીય પરિવર્તનના દુષ્પરિણામોની સૌથી વધારે અસર કૃષિકોને થાય છે. દુષ્કાળ અને ભારે વરસાદના લીધે ખેતીને પરાવાર નુકશાન ભોગવવું પડે છે, પરિણામસ્વરૂપ ખેડૂતો આર્થિક રીતે નબળા બની જાય છે, જેમાં નાના અને સિમાંત ખેડૂતોને જીવન નિર્વાહ માટેની મોટી સમસ્યાનો સામનો કરવો પડે છે.

## દેશમાં કૃષિ વિકાસ ક્ષેત્રમાં ગુજરાતનું નમૂનારૂપ કામ : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે આજે અહીં દેશના અન્નદાતા જે અશિક્ષિત છે તેમની ચિંતા કરવા માટે બૌદ્ધિકો એકત્ર થાય છે અને તેમની સામેના પડકારોને હલ કરવા વિચાર-વિમર્શ કરવાના છે તેનાથી મને આનંદ થાય છે. ગુજરાત સરકારે અગાઉથી જ ખેડૂતોની ચિંતા સેવી કૃષિ મહોત્સવની શરૂઆત કરી છે. પ્રતિવર્ષ આ મહોત્સવ દરમ્યાન રાજ્યના તમામ ગામોમાં કૃષિ વૈજ્ઞાનિક-અધિકારીઓ જાય છે અને ખેતી સંબંધીત નવા નવા સંશોધનોથી ખેડૂત સમાજને માહિતીગાર કરે છે. રાજ્ય સરકારે પર્યાવરણને દૂષિત થતું અટકાવવા માટે કલાઈમેટ ચેન્જ વિભાગ પણ કાર્યાન્વિત કર્યો છે. દેશભરમાં કૃષિ વિકાસ ક્ષેત્રે રાજ્યે નમૂનારૂપ કામગીરી કરી છે. આ પ્રસંગે સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ બીપી સિન્હા, સંસ્થાના અધ્યક્ષ ડો. કિરીટ શેલત, નિરમા યુનિવર્સિટીના કલુપતિ ડો. અનુપસિંહ, ન્યાયધીશો, ગણમાન્ય ધારાશાસ્ત્રીઓ કાનૂનવિદો તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# 'પ્લેઇંગ ઇટ માય વે' લેસ એટેકીંગ... મોર ડીફેન્સીવ...!!!

મારે તો આત્મકથાને બહાને સત્યના મેં જે અનેક પ્રયોગો કરેલા છે તેની કથા કરવી છે. મારે મન સત્ય જ સર્વોપરી છે અને તેમાં અગણિત વસ્તુઓનો સમાવેશ થઈ જાય છે. પુ. મહાત્મા ગાંધીજીની આત્મકથા - સત્યના પ્રયોગો - માં ગાંધીજીએ આ વાત લખી છે. છતાય આગળ બાપુ લખે છે કે કેટલીક વાતોથી કોઈનું મન દુખશે અને કેટલાક ખાસ સબંધીઓને નુકશાન પહોચશે એવી ભીતિ હોવાથી આવી વાતો લખવાની મેં ટાળી છે. બાપુની આ ભીતિ જો બધા આત્મકથા લખનારાઓ ધ્યાનમાં રાખે તો લખાઈ રહી આત્મકથા...!!! અને કદાચ લખાઈ રહી તો પછી વેચાઈ રહી...પણ આજકાલ આત્મકથાકારો બાપુની શિખામણ ઝાંપા સુધી જ યાદ રાખે છે. કારણકે આત્મકથા વધુ લોકોમાં વાંચતી થવી જોઈએ અને એ માટે વધુમાં વધુ વેચાવી જોઈએ અને વધુમાં વધુ વેચવા માટે લોકોમાં વધુને વધુ ઉત્કંઠા જગાવ્વવી જોઈએ અને બુક હાથમાં લીધા પછી એના બસ્સો કે ચારસો પાનામાંથી કમ સે કમ ૫૦-૧૦૦ પાના તો એવા હોવા જ જોઈએ કે લખનારે ફોડેલા શબ્દ બોમ્બથી ઘાયલ થનારા અને અધમુઆ થનારની સંખ્યા ઠીક ઠીક હોઈ શકે.

તાજો જ દાખલો લીજેન્ડરી ક્રિકેટર સચિન તેન્ડુલકરની આત્મકથા (?) પ્લેઈંગ ઈટ માય વે નો છે. મોટેભાગે જેમ બને છે એમ સચિનની આ સો કોલ્ડ આત્મકથા લખી તો છે બોરિયા મજુમદારે. આ મજુમદાર સરને આપણે ટીવીના પડદે કોમેન્ટ્રી કરતા ઘણી વાર જોઈ ચુક્યા છીએ. પોતે લેખક છે, પત્રકાર છે અને પ્રોફેસ્સરની સાથે સાથે સ્પોર્ટ્સ એનાલીસ્ટ પણ છે. આ જ મજુમદારે સચિનની ફેરવેલ ટેસ્ટ વખતે ઈન્ડિયા ટુ ડે ગ્રુપની ઈવેન્ટ - સલામ સચિન - કરેલી. સચિનની આ બુક સાથે બોરિયા કેમ જોડાયેલા છે એનો આછો ખ્યાલ આપવા માટે આટલી ઓળખાણ કાફી છે નાવ કટ ટુ પ્લેઈંગ ઈટ માય વે.

સચિનની આ બુકના મીડિયામાં ચમકેલા અંશોને આધારે આ સચિનની આત્મકથા કરતા ગ્રેગ ચેપલની નામોશીની કથા વધુ હોય એમ લાગે છે. જો કે આત્મકથા લખવાનો અને પછી એને સારી રીતે વેચવાનો આ બહુ જુનો ને જાણીતો ફંડા છે. આખી કથા તો હજુ વાંચવી બાકી છે પણ ગ્રેગના પ્રકરણના ઉલ્લેખે ભારતીય ક્રિકેટમાં ગરમી લાવી દીધી છે. ગ્રેગના ઉલ્લેખ સાથે જ દ્રવિડ, ગાંગુલી, હરભજન જેવા ક્રિકેટરોની પ્રતીક્રીયાઓએ રાતોરાત સચિનની બુકને હીટ બનાવી દીધી છે. ખરેખર તો સચિનની આ આત્મકથામાં ગ્રેગ સિવાય પણ ઘણી બધી વાતો છે જ અને એ બધી વાતો સચિનને ચાહવાવાળાઓ માટે પણ એટલી જ કે ગ્રેગના ચેપ્ટર કરતા પણ વધુ અગત્યની હોય શકે છે પણ માર્કેટિંગના આ જુના ને જાણીતા નુસ્ખાને લીધે અત્યારે તો ગ્રેગને ભંડ્નારા કે એ બનાવમાં સામેલ લોકોના બચાવ કે નો કોમેન્ટ્સના નિવેદનોની ફિલ્ડ પર ધુંઆધાર બોલિંગ થઈ રહી છે.

ગ્રેગ ચેપલવાળી પરચી જાણીજોઈને લીક કરી હોય એવું લાગે છે અને દરેક આવી બુક્સની રીલીઝ વખતે એ બુકમાંથી કોઈ એક ચેપ્ટર કે અમુક અંશોને લીક કરીને એને વિવાદિતની વ્યાખ્યામાં મીડિયામાં રજુ કરતા રહેતા હોય છે જેનાથી આખી બુક વિષે જાણવાની ઈન્તેજારી તો પછીની વાત પણ એ ચોક્કસ કિસ્સા વિષે લખનાર શું વિચારે છે અથવા શું કહેવા માંગે છે એ વાંચવાની ઈન્તેજારી વાચકોમાં વધી જાય છે. બાકી તો સચિનની આ આત્મકથામાં આ સિવાય પણ ઘણું છે જેમ કે ૨૦૦૧માં સચિન પર લાગેલો બોલ ટેમ્પરિંગનો આરોપ. એ વખતની પરિસ્થિતિ વિષે સચિન લખે છે કે હું નિર્દોષ હતો છતાયે મને ચીટ ગણાવાયો એનું ભારોભાર દુખ રહ્યું એ જ રીતે ૨૦૦૭-૦૮માં ઓસ્ટ્રેલિયામાં હરભજન અને સાઈમન્ડસના વેરી ફેમસ મંકી વિવાદ વખતે હરભજન સાથે સચિન જ ક્રીઝ પર હતો ત્યારે થયેલા સ્લેજિંગની વાત સચિને આ બુકમાં કરી છે. લંડનની મેટ્રો ટ્રેનમાં સૌરવ અને નવજોતને મુસાફરી કરી રહેલા યુવાનો સાથે થયેલી બોલાચાલીમાં અજાણ્યા યુવાને આ બંને સામે તાકેલી રિવોલ્વરનો બનાવ હોય કે પછી શરૂઆતના દિવસોમાં ચાર ચાર બસો બદલીને કેવી રીતે સચિન પ્રેક્ટીસ કરવા જતો એ સંઘર્ષગાથા હોય. સચિનની આ બુકમાં ગ્રેગ સિવાય પણ આવું ઘણું બધું છે જેને વાંચવું એના ચાહકોને વધુ ગમશે.



રજળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

પણ આત્મકથામાં મેં શું કર્યું એના કરતા કોણે મારી સાથે શું કર્યું એ જો વધુ સારી અને રોચક રીતે કહી શકો તો સમજો કે યોર બુક સોલ્ડ આઉટ ક્વીકલી. જો કે એવુય નથી કે સચિન જેવું નામ જેની સાથે સંકળાયેલું હોઈ એ બુક ઓછી વેચાય કેમકે સચિન પોતે જ એક બ્રાંડ હતો અને હજુયે છે એ આ બુકનું વેચાણ સાબિત કરે છે. પણ છતાયે પ્રકાશકો અને લેખક સાથે મળીને જ હમેશા વિવાદિત અંશોને પહેલા જ લીક કરી દે છે. યાદ છે ને આપણા પૂર્વ વિદેશમંત્રી જશવંતસિંહની બુક - જીનાહ - ઈન્ડિયા પાર્ટીશન, ઈન્ડીપેન્ડન્સ - આ બુકને રીલીઝ પહેલા જ વિવાદિત બનાવી દેવાયેલ કે જેને લીધે રિલીજના ત્રણ જ વિકમાં અંદાજે પચાસેક હજાર કોપીઓ વહેચાઈ ગયેલી અને એમાંથી ૧૩ હજાર જેવી તો માત્ર પાકિસ્તાનમાં જ વેચાયેલી. વિવાદ જગાવો અને વેચાણ વધારો આ સૂત્ર લગભગ દરેક બુકના રીલીઝ વખતે લાગુ પડે જ છે પણ સચિન જેવી સેલીબ્રીટીની બુક જયારે પબ્લીશ થવાની હોય ત્યારે સ્વાભાવિક છે કે વાચનારને એવી જ અપેક્ષા હોય કે સચિન બિન્દાસ એવા વિષયો, બનાવો કે વ્યક્તિઓ વિષે લખે કે જેના વિષે વાચકોએ સચિનના મુખે અગાઉ સાંભળ્યું ના હોય. પણ અફસોસ ગ્રેગનો બનાવ કે મુલતાન ડીકલેરેશન સિવાય એકદમ સ્પસ્ટ કહી શકાય એવું બીજું લ્કાશું નથી બુકમાં.

રાવલપીડી એક્સપ્રેસ્સ શોએબ અખ્તરની આત્મકથામાં એણે સચિન અને દ્રવિડને બીકણ કહેલા.જો કે પાછળથી શોએબે ફેરવી તોળેલું કે મારા વાક્યોનું ખોટું અર્થઘટન થયું છે મેં બીકણ કહ્યા જ નથી. સચિનની બુકમાં ગ્રેગના ઉલ્લેખ સાથે દ્રવિડનું નામ ઓટોમેટીકલી આવી જાય છે. કદાચ મુલતાન ટેસ્ટમાં સચિન ૧૯૪ પર હતો ને દ્રવિડે દાવ ડીકલેર કરી દીધેલો એનો રંજ પણ આ ઘટનાના ઉલ્લેખ કરવા પાછળ ક્યાંક ને ક્યાંક છુપાયેલો દેખાઈ છે જો કે પ્લેઈંગ ઈટ માય વે માં સચિને મુલતાનવાળી ઘટનાનો ઉલ્લેખ કર્યો જ છે અને કોચ જોહનની માફીની યાચિકા અને રાહુલ દ્રવિડની સફાઈ કે દેશના હિતમાં આ નિર્ણય લીધેલો એ બંને ખુલાસાની અસર સચિન પર નહિ પડેલી અને આ વાત સચિને બુકમાં પણ કહી છે. ગ્રેગનું માનવું હતું કે દ્રવિડ કરતા સચિન વધુ સારો કેપ્ટન બની શકે છે એમાં કયાંક ને ક્યાંક ગ્રેગની દ્રવિડ પ્રત્યેની નારાજગી દેખાય આવે છે પણ ગ્રેગ આ વાતનો રદિયો આપતા કહે છે કે હું સચિનને મળવા એના ઘરે ગયેલો પણ આવી કોઈ વાત થઈ નહોતી તો સામા છેડે સચિનની આત્મકથાના લોન્ચિંગમાં ઉપસ્થિત રહેલ દ્રવિડ કબુલે છે કે મારી અને સચિન વચ્ચે ૧૬ વર્ષ લાંબી ક્રિકેટિંગ જોડીદારીમાં ઘણી એવી બાબતો હતી કે અમે બંને સહમત હતા અથવા તો અસહમત હતા પણ ગ્રેગના બનાવને એની સાથે કોઈ નિસ્બત નહોતી અમે આજે પણ સારા મિત્રો છીએ એ વાતનો આનંદ છે.

આગળ કહ્યું એમ આત્મકથામાં લખનારે શું કર્યું એના કરતા કોણે એની સાથે શું કર્યું એ મહત્વનું બની જાય છે અને આમ જોવા જઈએ તો આવા બનાવોનું નિરૂપણ જ જે તે આત્મકથાનકના જીવનની બારીકાઈઓને ઉજાગર કરે જ છે. પણ મોટેભાગે આત્મકથા પોતાને ઓછું અને બીજાને વધુ ટાર્ગેટ કરીને લખાતી હોય એવું જ બનતું હોય છે. આપણા પૂર્વ પ્રધાનમંત્રી મનમોહનસિંહના મીડિયા સલાહકાર સંજય બારુંની બુક - ધ એક્સીડેન્ટલ પ્રાઈમ મીનીસ્ટર - માં સંજય ભાઈએ પોતે મીડિયા સલાહકાર તરીકે શું કર્યું એનો પરિચય આપવા કરતા મનમોહનસિંહે સોનિયા ગાંધી અને બાકી બીજા લોકોની કેટલી જીહજૂરી કરી એ વધુ લખ્યું છે. ઈનફેક્ટ આપણ એક પ્રકારની આત્મકથા જ થઈ પણ એમાં પોતાની લીટી લાંબી કરવાને બદલે બીજાની લીટીઓ ટૂંકી કરવાની કવાયત વધુ કરવી પડે છે અને આ બુકમાં મનમોહનસિંહને મૂંગા, જી હજુરી કરનાર ચીતરીને સંજય બારું એ બુકના ટાઈટલને યથાર્થ ઠેરવેલું.

સચિનની પ્લેઈંગ ઈટ માય વે એ કોઈ ક્રિકેટરે લખેલી અને વિવાદિત થયેલી પહેલી બાયોગ્રાફી નથી આ પહેલા પણ આગળ કહ્યું એમ શોએબની બુકમાં સચિનને બીકણ ગણાવાયેલો તો આદમ ગીલક્રીસ્ટની બુકમાં પણ સચિન અને મંકી ગેટ પ્રકરણથી વિવાદ જગાવાયેલો તો સાઉથ આફ્રિકન હર્ષલ ગીબ્સે એની બુક ટુ ધ પોઈન્ટમાં પોતાના જ સાથી ખેલાડીઓ વિષે અનેક ઓછી જાણીતી અને વિવાદિત વાતો લખેલી. ઈયાન બોથમે પોતાની બુક હેડ ઓનમાં એની ડ્રગની લત અને પાકિસ્તાની ખેલાડીઓની બોલ ટેમ્પરિંગ ગતિવિધિઓ વિષે વિસ્તારથી લખીને વિવાદ જગાવેલો તો ભારતના સફળ કોચ જોહન રાઈટે પોતાની બુક - જોહન રાઈટ્સ ઈન્ડિયન સમર-માં ગાંગુલી અને ઈન્ડિયન ટીમ વિષે વિવાદિત વાતો લખીને ચર્ચા જગાવેલી. મોટાભાગના ક્રિકેટરોએ લખેલી આત્મકથા અથવા આત્મકથાની નજીક ગણી શકાય એવી બુક્સમાં ઉડીને આંખે વળગે એવી એક વાત એ છે કે લગભગ બધા જ ક્રિકેટરોએ પોતાના દેશના બોર્ડ પર જમ કે ટીપ્પણી કરી છે પણ પ્લેઈંગ ઈટ માય વે માં સચિન આશ્ચર્યજનક રીતે એ વાત થી દુર રહ્યો છે જો કે સચિન ને કેપ્ટન પડે થી દુર કરાયો ત્યારે બોર્ડ ના કોઈ મેમ્બરે જાન કરવાની તસ્દી નહોતી લીધી એટલા પુરતી વાતનો ઉલ્લેખ સચિને કર્યો છે.

આત્મકથામાં લખાયેલી વાતો આમ તો એક પ્રકારનું દસ્તાવેજીકરણ જ કહેવાય જો એ ખોટી ઠરે તો લખનારની વિશ્વ્શનીયતા પર શંકાના સવાલો ઉઠી શકે છે પણ આજકાલ તો બોલ્યું ફેરવી તોળવું આમ વાત છે છતાયે આવી રમતવીરોની આત્મકથા અને ખાસ કરીને ક્રિકેટરોની આત્મકથામાં આવતા બનાવો અને એણે આનુંશાન્ગિક માહિતીઓથી વાચકો ને જે તે સમયે બનેલા એ બનાવ પર પડેલો પડદો ઉચ્કવામાં મદદરૂપ થાય છે. સચિને પોતાની આ બુકમાં મોટાભાગે ક્રિકેટ અને પોતાને લગતી વાતોની કે પીચ પર થયેલા બનાવો, અમુક ઓફ ધ ગ્રાઉન્ડ બનાવો ની સાથે સાથે આવા ગ્રેગ જેવા નાનામોટા બોમ્બો પણ ફોડ્યા છે. આમેય સચિનની છાપ પાક્કો બીજનેસ્મેન અને ગણતરીબાજ તરીકેની થાય જ છે એટલે એઝ એક્સ્પેક્ટેડ અત્યારે ચલણમાં રહેલા કોઈ વ્યક્તિઓ વિષે ખાસ કોઈ નવી વાત એની બુકમાં નહિ જ હોય એવી પૂર્વધારણા વિવેચકોને હતી જ જેમકે મેચ-ફીક્ષિંગ વિષે સચિને પ્લેઈંગ ઈટ માય વે માં કશું લખ્યું જ નથી એમ કહી શકાય જયારે બચ્ચાબચ્ચા પણ એ વાતમાં એગ્રી છે કે આટલી લાંબી અને સફળ કારકિર્દી ધરાવનાર સચિન મેચ-ફીક્ષિંગ વિષે કશું ના જ જાણતો હોય એવું તો બને જ નહિ પણ સચિને બોર્ડ વિષે કે મેચ-ફીક્ષિંગ વિષે લખવાનું ટાળ્યું છે. જો કે જયારે સચિન રમતો હતો ત્યારે પણ મેચ-ફીક્ષિંગ વિષે ક્યારેય એણે ખુલીને બોલ્યું જ નથી પણ આજે જયારે એ રીટાયર થઈ ગયો છે ત્યારે વધતી-ઓછી સચ્ચાઈ સામે લાવી શક્યો હોત કારણ કે ક્રિકેટ નો એ ભગવાન છે અને ભગવાન કહે એની અસર વધુ ડી અને વ્યાપક પડી શકત પણ પ્લેઈંગ ઈટ માય વે માં એવું નથી થયું કદાચ એનું કારણ એ પણ હોય શકે કે એવું કરવા જતા એ પોતાના સાથી ક્રિકેટરોની નજરમાં નીચો પડી જાય કે પછી કોઈ કાનૂની દાવપેચમાં પણ ફસાઈ જાય અથવા સાચું લખવા બદલ એના દિમાગમાં હંસી કોન્યે જેવા હાલ તો નહિ થાય ને એવી કદાચ આશંકા હોઈ શકે પણ સચિન મિસ્ડ ઈટ અગેઈન...!!!

વિસામો -

મારી ક્રિકેટિંગ કેરિયરના આખરી વર્ષોમાં જયારે જયારે હું સારું રમી નહોતો શકતો ત્યારે શાળામાં મારા પુત્ર અર્જુન ને બાળકો એમ કહેતા કે તારા પપ્પા ને લીધે ઈન્ડિયા હારી જાય છે, અર્જુન એ લોકો સાથે ઝગડતો અને ઘરે આવી ને રડતા રડતા આ વાત મને કહેતો - (ફ્રોમ - પ્લેઈંગ ઈટ માય વે)